# e.અસ્મિતા

**ગુજરાતી સાહિત્ય અકાદમીનું મુખપત્ર**

**સંપાદક : પંચમ શુક્લ**

**અંક : 4** **13 માર્ચ 2017**

# ગુજરાતી સાહિત્ય અકાદમીની ચાળીસી

ગુજરાતી સાહિત્ય અકાદમીના અસ્તિત્વને ચાળીસ સાલ થયા; ખરેખર ! … કોણ માનશે ? આ ચાર દાયકાના પટનો વિસ્તાર જેમ જેમ સ્મરણપટે ફિલ્માયા કરે છે, તેમ તેમ કેટકેટલાં સ્મરણો ને અવસરોનો ગંજ ખડકાતો અનુભવાય છે.

ગુજરાતી જબાનમાં આ દેશે લખનારાં કેટકેટલાં નામો સાંભરી આવે છે. કવિતાઓ કરતાં કવિમિત્રો, વાર્તા લખતાં વાર્તાકારોનું એક જૂથ હતું. માસિકી બેઠકોનો એ સિલસિલો હતો. આદાનપ્રદાન તેમ જ ભોજનવાળી મિજલસ બેસતી, જામતી. 'ગુજરાતી પ્રકાશન લિમિટેડ'ની કેડીએ, 'ગુજરાતી સાહિત્ય મંડળ', અને પછી તેની પછીતે, 12 ફેબ્રુઆરી 1977ની એક સુભગ ઘડીએ, આપણી આ 'ગુજરાતી સાહિત્ય અકાદમી'નો શુભારંભ.

કાન્તિ નાગડા, કુસુમબહેન શાહ, ટી.પી. સૂચક, ડાહ્યાભાઇ પટેલ, પંકજ વોરા, પોપટલાલ જરીવાળા, બળવંત નાયક, ભાનુશંકર ઓધવજી વ્યાસ, નિરંજના દેસાઇ, યોગેશ પટેલ, વિપુલ કલ્યાણી, હીરાલાલ શાહ – શાં અનેક અગ્રસૂરિઓએ અકાદમીનું સુપેરે ઘડતર ને ચણતર કરેલું છે.

… પછી, અકાદમીનો વ્યાપ વધતો ગયો, ફાલતો રહ્યો, ફૂલતો રહ્યો. સાહિત્ય સર્જન ઉપરાંત ગુજરાતી ભાષા સંવર્ધન તેમ જ વિવિધ લલિત કળાઓ સમેતનો સાંસ્કૃતિક વારસો અકાદમીના કાર્યવ્યાપમાં સમાવેશ થયો. આ લંબાયા પટે અકાદમીએ નવ ભાષા-સાહિત્ય પરિષદો આપી. અનેક સ્તરે પાંચસો ઉપરાંત ગુજરાતી શિક્ષકોને તાલીમબદ્ધ કર્યા. ગુજરાતી ભાષાશિક્ષણને સારુ અભ્યાસક્રમ ઘડીને આપ્યો. પાઠ્યપુસ્તકો તૈયાર કરાયાં. અઢાર અઢાર સાલ સુધી સ્વાયત્તતાથી સ્વતંત્ર પરીક્ષાતંત્ર ચલાવ્યું. દર સાલ હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ તેની પરીક્ષાઓમાં બેસતાં. અને તેની ક્ષિતિજ યુરોપ ઉપરાંત આફ્રિકે તેમ જ એક દા મુંબઇને સીમાડે અડતી. પ્રકાશનો કર્યા. "અસ્મિતા"ના જાજરમાન આઠ અંકો દીધા, જેની સામગ્રી તળ ગુજરાતે પણ લાંબા અરસા લગી કામમાં આવે તેવી છે.

આ સમો પણ કેવા પોરસનો હતો. ઉત્તર ઇંગ્લૅન્ડે ગઝલને પકડીને આશરે 1968થી ગુંજારવ આરંભાયેલો અને લંડનમાં "ગુજરાત સમાચાર"નું પાક્ષિકીકરણ થયું. તેની જોડાજોડ "ગરવી ગુજરાત"નો પડઘમ વાગતો થયો. અને ઉત્તરે 'ગુજરાતી રાઇટર્સ ગિલ્ડ' રચના થઇ. આ મુલકમાં આપણી નવીસવી વસાહતનો તે હણહણતો સમયકાળ.

અને હવે, આ સમય ગયો. એ પડછંદા કવિ, લેખકો, પત્રકારોએ એક પછી એક વિદાય લીધી. એક પા પોત નબળું પડતું ગયું, પણ પડ હોંકારાપડકારા કરતું જ રહ્યું. … ખેર ! – દીપક બારડોલીકર, અદમ ટંકારવી, અહમદ 'ગુલ', ચંદુભાઇ મટાણી તેમ જ અકાદમીના કર્ણધારોએ દીવેટની વાટ સંકોર્યા કરી જ છે.

આવી આપણી આ અકાદમીની ચાળીસીએ, કાર્યવાહકોએ બહુ જ સુંદર, પણ જોમજોસ્સા ને હિંમતવાળો, પરંતુ એક ભડ નિર્ણય કર્યો તેની ઉજવણીનો.

નાત, જાત, ધર્મ, સંપ્રદાય, જાતિપાંતિ કે ભૂગોળની પેલે પાર રહી, ગુજરાતી ભાષા, સાહિત્ય તેમ જ સંસ્કૃતિ ક્ષેત્રે સર્વસમાવેશક કાર્યક્રમો સંવારતી અકાદમીએ ચચ્ચાર દાયકા ઉપરાંતના સમયગાળા દરમિયાન ભાષાસંવર્ધન, સાહિત્યસર્જન તથા સંસ્કૃતિસેવન ક્ષેત્રે સેવામય રહેલાં ચારેક મહારથીઓને પોંખવાના અને બિરદાવવાના અવસરો યોજવાનું નક્કી કર્યું છે.

આ સાલ દરમિયાન, શ્રાવિકા મંડળ તેમ જ વિલાસબહેન ધનાણી, ચંદુભાઇ મટાણી, નટુભાઇ સી. પટેલ તથા જગદીશભાઇ દવેનું ઉચિત સન્માન કરવાના વિવિધ અવસરો નિયત કરાયા છે.

## શ્રાવિકા સત્સંગ મંડળ અને વિલાસબહેન ધનાણી :



દિવંગત સાહિત્યકાર જયન્ત મ. પંડ્યા જેમને બહેનોનો વિસામો કહે છે તે વિલાસબહેન ધનાણીએ સન 1972થી એક યજ્ઞ માંડ્યો છે. વળી, તે શ્રાવિકા મંડળ નામક યજ્ઞકૂંડમાં આજે ય એ ખુદ પ્રધાન પુરોહિતપદે છે અને દરેકને નિરામય શાતા આપે છે. જયન્ત પંડ્યા 1999ના અરસામાં લખે છે તેમ, ‘ખુરશી ઉપર બેઠેલાં સન્નારીની સમીપે કોઇ ઠાઠ નહીં, કોઇ ઠસ્સો નહીં, હતું એક શાન્ત અને શીળું સ્મિત, નેહ નીતરતી આંખો અને કરુણાળું હૈયું. એ હતાં વિલાસબહેન ધનાણી.’

આ વિલાસબહેન અને શ્રાવિકા મંડળ સાથે અકાદમીને આ દાયકાઓ જૂનો ઊંડો મનમેળ. બહુ નજીકથી સ્વસ્થતાએ આ સંબંધનો વેલો પાંગર્યો છે. અને હવે તેમાં મઘમઘતાં ફૂલ પણ બેઠાં છે.

આઠ દાયકાને ઉંબરે પહોંચેલાં વિલાસબહેન ધનાણી [જન્મ : 03 ઍપ્રિલ 1937] તેમ જ એમની આ કર્મનિષ્ઠ સંસ્થા, શ્રાવિકા સત્સંગ મંડળના સાથ વિના અકાદમીના આ પરીક્ષાતંત્રનો પ્રકલ્પ ક્યાં હોત, તેની કલ્પના માત્ર ટાળવા સમ છે. એમનું ઋણ અકાદમીને શિરે પારાવાર છે.

**રવિવાર, 09 ઍપ્રિલ 2017ના રોજ, બપોરે ઠીક અઢી વાગ્યે** એમને પોંખવાનો અવસર અકાદમીએ યોજ્યો છે. આ કાર્યક્રમ બૃહદ્ લંડનના સાવ પશ્ચિમિયા પરા હિલિન્ગડનના ઇકનમ ગામમાં સમ્પન્ન થશે. ઇકનમ વિલેજ હૉલનું સરનામું છે : **Ickenham Village Hall, 33 Swakeleys Road, Ickenham, Middlesex UB10 8DG** [07557 270567]. નજીકના ઇકનમ અન્ડરગ્રાઉન્ડ સ્ટેશનથી આશરે દશેક મિનિટને અંતરે આ સભાખંડ આવેલો છે.

કાર્યક્રમને અંતે દરેકને સારુ ચાપાણી-નાસ્તાની વ્યવસ્થા પણ અકાદમીએ કરી છે.

## ચંદુભાઇ મટાણી :

‘સાહિત્ય, સંગીત અને કલાનાં રખોપાં કરતા સજ્જન એટલે ચંદુભાઇ,’ એમ જયન્ત પંડ્યા કહે છે, તે ‘સોળ વાલ અને એક રતી’. આપણા આ ચંદ્રસિંહ ગોરધનદાસ મટાણીને ત્રણ ત્રણ ભૂખંડનો સોજ્જો અનુભવ. માંડવી, મુફલિરા ને લેસ્ટરમાં કોઠી નાખી અને ત્યાંથી જે જે કામો કર્યા તે તે વાટે આજે ગુજરાતી આલમના એક દીવાદાંડી શા આગેવાન તરીકે એમની ગણના થયા કરી છે.



લેસ્ટરમાં ‘શ્રુતિ આર્ટ્સ’ નામક જગજાહેર સંસ્થા હેઠળ એમની દોરવણી હેઠળ ધ્યાનાર્હ કામ થયાં છે. ભારતીય સંગીત, ગુજરાતી ગીતસંગીતને એમણે એક નવું મજબૂત બળ આપ્યું છે.


ચારેક દાયકા પહેલાં, લેસ્ટરમાં ‘નર્મદનગર’ ખાતે, ગુજરાતી સાહિત્ય અકાદમીની બીજી ભાષા-સાહિત્ય પરિષદ બેઠી તેને માટે ચંદુભાઇ અને એમની વ્યવસ્થાશક્તિ કેન્દ્રગામી રહ્યાં. અને પછી અકાદમી સાથે સાથે સંગીત અને સાહિત્યનાં એકમેકથી ચડિયાતાં કામો કરવાના જે અવસર મળ્યા તેમાં ચંદુભાઇ પૂરેવચ્ચ રહ્યા. આટઆટલાં વરસનું તપ ડાયસ્પોરિક ગુજરાતી જનજીવનના ઇતિહાસનું, હવે, એક સોનેરી પૃષ્ટ બની ગયું છે.

**રવિવાર, 28 મે 2017ના દિવસે, લેસ્ટર નગરના બેલગ્રેઇવ નેઇબરહૂડ સેન્ટરના પરિસરમાં, બપોરે ઠીક બે વાગ્યાથી,** અકાદમી હેઠળ ચંદુભાઇ મટાણીનું [જન્મ : 31 મે 1934] જાહેર ઉચિત સન્માન કરવાનું ઠેરવાયું છે. સુવિખ્યાત બેલગ્રેઇવ રોડ બાજુમાં આવ્યા આ સભાખંડનું સરનામું છે : **Rothley Street, Leicester, LE4 6LF** [0116 222 1004]. ભારતીય ડાયસ્પોરાનાં બે અવ્વલ અગ્રેસરો ને ડાયસ્પોરિક ગુજરાતી આલમનાં બે જાણતલ સાહિત્યકારો - **પન્નાબહેન નાયક** તથા **નટવરભાઇ ગાંધી** આ પ્રસંગે ખાસ હાજર રહેવાનાં છે.

કાર્યક્રમને અંતે દરેકને સારુ ચાપાણી-નાસ્તાની વ્યવસ્થા પણ અકાદમીએ કરી છે.

લેસ્ટર જવા માટે તેમ જ પરત થવા માટે, અકાદમી દ્વારા એક કોચની વ્યવસ્થા કરવામાં આવશે. તે અંગેની વ્યવસ્થા અકાદમીના ખજાનચી લાલજીભાઇ ભંડેરી કરવાના છે. ‘વહેલો તે પહેલો’ - અનુસાર નામનોંધણીની વ્યવસ્થા કરવાની છે. વાટ ખરચી સગવડ સમેતની ગોઠવણ માટે vijya_bhanderi@yahoo.co.uk દ્વારા લાજીભાઇનો સંપર્ક સાધવા દરેકને વિનંતી છે.

**નટુભાઇ સી. પટેલ :**



મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા પ્રાધ્યાપક દીપકભાઇ રાવલ જેમને ગુજરાતી રંગભૂમિના પિતામહ ગણે છે તે નટુભાઇ ચતૂરભાઇ પટેલ અંગેના એક લેખમાં દીપકભાઇ જણાવે છે, 'ઇંગ્લૅન્ડમાં કળા ક્ષેત્રનો વિચાર કરીએ છીએ ત્યારે નટુભા ઇ પટેલ પ્રત્યક્ષ થાય છે. ઊંચો, પાતળો દેહ. આંખે ચશ્માં પણ એમાંથી દેખાતી કીકીઓમાં છલકાતો સ્નેહ વાંચી શકાય. આત્મવિશ્વા સ ફૂટી ફૂટીને ભરેલો. … વરસની વયે પણ ટટ્ટાર ચાલે છે. નવી નવી યોજનાઓ બનાવે છે. અને તેને સાકાર કરવા પ્રયત્નશીલ રહે છે. જીવનમાં બહુ ચડતી - પડતી જોઇ છે. છતાં ય જીવન વ્યવહારમાં કડવાશ આવી નથી. અનેક લોકોને મદદરૂપ થાય અને વાતોમાં જરા ય દેખાડો ન કરે. મિત્રો માટે તો મરી જાય. …'

પૂર્વ આફ્રિકા ના યુગાન્ડામાં જ શું, મુંબઇ સમેતના તળ ગુજરાતમાં, તેમ અહીં લંડનમાં, ત્યાં પોર્ટુગલમાં પણ લલિત કળાના પરચમને નટુભાઇએ પૂરી કાઠીએ લહેરાવતો રાખ્યો. નાટક, નૃત્ય, નૃત્યનાટિકા, સંગીતને, 'કલાપી' શી ગુજરાતી ફિલ્મને પણ એમણે સદાય જીવતદાન તો આપ્યું પણ જોડાજોડ તે દરેકને સારુ આત્મવિશ્વાસ જાગૃત થાય તે સારુ ખળું પણ તૈયાર કરી જ આપ્યું.

ગુજરાતી સાહિત્ય અકાદમીના આરંભકાળથી, એક અગત્યના હામી રહેનાર નટુભાઇએ અકાદમીનાં કામોમાં સામેલગીરી કરી છે અને ટૂંકા પડીએ ત્યારે અડખેપડખે રહીને હૂંફટેકો દીધા કર્યો છે.

નટુભાઇ પટેલ [જન્મ : 18 મે 1927] અબીહાલ ભારત છે. ઉનાળો બેસતા લગી તે અહીં આવે તે વેળા એમના સન્માનનો ઉચિત અવસર યોજવાનો અકાદમીએ નિર્ધાર કર્યો છે. તેની વિગતો હવે પછી …

**જગદીશભાઇ દવે :**



'અનોખા ભાષાશાસ્ત્રી' તરીકે જેમની નામના છે એ જગદીશભાઇ દવે [જન્મ : 18 નવેમ્બર 1929] અને ગુજરાતી સાહિત્ય અકાદમીનો ઘનિષ્ટ નાતો ત્રણ દાયકા ઉપરાંતના પટે પથરાયો છે. અને તેમાંથી વિવિધ ભાષા-સાહિત્ય અધિવેશનો, પ્રકાશનો, પાઠ્યપુસ્તકો, શિક્ષક તાલીમ શિબિરો, પરીક્ષાતંત્રનો વહીવટ સતત ડોકાયા કરે.

જયન્તભાઇ પંડ્યાએ નોંધ્યું છે, 'લંડનના વસવાટ દરમિયાન જગદીશભાઇએ સાહિત્ય સંશોધનનાં કામો કર્યાં છે. 'સોશ્યો-લિંગ્વિસ્ટિક સ્ટડી ઑવ્ ગુજરાતી ઇન ધ યુ.કે.' એ એમની સ્વતંત્ર સંશોધનકૃતિ છે. બ્રિટનમાં અને પરદેશમાં ગુજરાતી ભાષાશિક્ષણના કેટલાક સવાલો વિશે તેમણે અભ્યાસલેખો લખ્યા છે. એમનું નોંધપાત્ર કામ ભાષાશાસ્ત્ર અને ભાષાશિક્ષણ માટે કક્ષા પ્રમાણેનાં પુસ્તકો આપવાનું છે. આ શ્રેણીમાં એમણે વિલાયતી 'ગુજરાતી સાહિત્ય અકાદમી'નાં પાઠ્યપુસ્તકો 'અક્ષરમાળા', 'ગુજરાતી ભાષાપ્રવેશ ભાગ ૧થી ૪, શિક્ષકો માટે 'સેતુ' … જેવાં પુસ્તકોની મદદથી કોઇ પણ વ્યક્તિ ગુજરાતી શીખી શકે, એવી ડૉ. જગદીશ દવેને પ્રતીતિ છે.'

અકાદમીના કાર્યવાહક તરીકે પણ જગદીશભાઇએ એક અરસા સુધી સેવાઓ આપી છે. વળી, એમને નામે અનેક પુસ્તકો છે. મરાઠી-ગુજરાતી નાટકોનો તુલનાત્મક અભ્યાસ એમને ડૉક્ટરેટની પદવી આપે છે. તદ્ઉપરાંત, એમણે કવિતાઓ આપી છે.

જગદીશભાઇ દવેનું આ સન્માન એટલે અકાદમીના પરિસરમાંના દરેક કવિલેખકનું ય સન્માન.

**શનિવાર, 18 નવેમ્બર 2017ના દિવસે, મહાનગર લંડનના ઉપનગર વેમ્બલીમાં આવ્યા 'માન્ધાતા યૂથ ઍન્ડ કમ્યુનિટી ઍસોસિયેશન'ના પરિસરમાં, બપોરે ઠીક બે વાગ્યાથી,** અકાદમી હેઠળ જગદીશભાઇ દવેનું જાહેર ઉચિત સન્માન કરવાનું ઠેરવાયું છે. આ સભાખંડનું સરનામું છે : 20A Rosemead Avenue, WEMBLEY, Middlesex HA9 7EE.

આ અવસરે યુનાઇટેડ કિંગ્ડમમાંના કવિલેખકો ઉમળકાભેર હાજર રહે તેવા અકાદમીને મનોરથો છે. દરેકને સારુ તે દહાડે પ્રીતિ ભોજનની સગવડ રખાઇ છે. … પધારો !

'સ્મરણો દરિયા પારના'માં આપણા વરિષ્ઠ સાહિત્યકાર જયન્ત મ. પંડ્યાએ નોંધ્યું છે :

'… હૅરો ભારે રોમહર્ષક નામ છે. હૅરોની શાળામાં જવાહરલાલ નેહરુ, વિન્સ્ટન્ટ ચર્ચિલ અને અનેક નામાંકિત રાજપુરુષો ભણેલા. ભોળાભાઇ પટેલ અને મેં એ શાળા જોઇ, જવાહરલાલ કઇ પાટલી ઉપર બેસતા તે પાટલી અને વર્ગખંડ જોયા. શાળા ટેકરી પર છે, હૅરો પણ. એટલે એનું નામ હૅરો ઑન ધ હિલ છે. શાળાના પરિવેશમાં બાયરનનું સ્મૃતિસ્થાનક છે. એમાં કવિ બાયરનના આ ઉદ્‌ગારો કોતરેલા છે :

Spot of my youth whose hoary branches sigh
Swept by the breeze that fans the cloudless sky
Where now alone I muse, who off have trod
With those I loved thy soft and verdant sod.

[મારી જુવાનીનું આ થાનક જેની શ્વેત ડાળો નિસાસે છે નિરભ્ર આકાશને વીંઝણો ઢોળતા વાયુની ઝીંક ઝીલીને, આજે જ્યાં એકલવાયો ચિંતનમગ્ન છું ત્યાં અનેક વાર હું મારાં પ્રિયજનો સાથે મસૃણ લીલીલીલી છો ખૂંદતો હતો.]

## માસિકી વાચકવર્ગ બેઠક :

છેલ્લાં ત્રણેક દાયકાથી અકાદમીની વાચકવર્ગ બેઠક દર મહિને ઠાઠમાઠે મળતી રહી છે. દર મહિનાના પહેલા શનિવારે બપોરે લાઇબ્રેરી સેવાના સહકારથી મળતાં રહીએ છીએ. ગુજરાતી ભાષા-સાહિત્ય-સંસ્કૃતિ-જનજીવન સંબંધક વિષય પર ચર્ચાવિમર્ષ થયા કરે છે. આજકાલ હૅરો લાઇબ્રેરી સેવાઓ હેઠળ, હૅરો વિલ્ડસ્ટોન સેન્ટરમાં આવી લાઇબ્રેરીમાં [38-40 High Street, Wealdstone, Harrow HA3 7AE] બપોરે બે વાગ્યાથી અઢી કલાક માટેની આ મજલિસ બનતી આવી છે.

**શનિવાર, 01 ઍપ્રિલ 2017 :** 'ઓટલો' નામક બેઠકમાં 'ગુજરાતી દલિત સાહિત્ય' અંગે વાદસંવાદ થશે. લંડન યુનિવર્સિટીના SOASમાં Ph.D. માટે આ વિષય લઇ અભ્યાસ કરતાં ગોપિકાબહેન જાડેજા આ વિષય અંગે માંડણી કરીને દોરવણી આપશે.

**શનિવાર, 06 મે 2017**ના દિવસે, કનૈયાલાલ માણેકલાલ મુનશીકૃત ભાતીગળ નવલકથા : 'પૃથિવીવલ્લભ' વિશે ચર્ચાવિમર્ષ થશે. આશરે 96 વરસ પહેલાં પ્રગટ થયેલી આ શિષ્ટ નવલકથા **અલારખિયા હાજી મહમ્મદ શિવજી** (૧૩-૧૨-૧૮૭૯, ૨૧-૧-૧૯૨૧)ના ખ્યાતનામ સામયિક "વીસમી સદી"માં તે અગાઉ શ્રેણીબધ્ધ પ્રકાશિત થયેલી.

**શનિવાર, 03 જૂન 2017** : કાવ્યચર્ચાની બેઠક. – વિગતો હવે પછી.

**શનિવાર, 22 ઍપ્રિલ 2017** : વિશ્વવિખ્યાત સાહિત્યકાર વિલિયમ શેક્સપિયરની 401મી મૃત્યુતિથિ [23 April 1616] નિમિત્ત, નાટ્યકારના એક નાટકની માન્ધાતા હૉલમાં (20A Rosemead Avenue, WEMBLEY, Middx HA9 7EE) બપોરે બે વાગ્યે પ્રસ્તુતિ.

**ચાળીસમી વાર્ષિક સામાન્ય સભા :**

**શનિવાર, 24 જૂન 2017**ના બપોરે ઠીક બે વાગ્યે 'માન્ધાતા યૂથ ઍન્ડ કમ્યુનિટી ઍસોસિયેશનના [20A Rosemead Avenue, WEMBLEY, Middlesex HA9 7EE] સભાખંડમાં મળશે.

ગયા વરસે બે વરસના સત્ર માટે ચૂંટાયેલાં અકાદમીનાં કર્ણધારો આ મુજબ છે. સાંપ્રત કાર્યવાહી સમિતિમાં અધિકારીગણ આમ છે : **પ્રમુખ :** વિપુલભાઇ કલ્યાણી; **ઉપ-પ્રમુખ** : ભદ્રાબહેન વડગામા; **મહામંત્રી** : પંચમભાઇ શુક્લ; **સહમંત્રી** : વિજ્યાબહેન ભંડેરી; **કોષાધ્યક્ષ** : લાલજીભાઇ ભંડેરી. જ્યારે **સભાસદો** તરીકે છે : અનિલભાઇ વ્યાસ, ધનશ્યામભાઇ ન. પટેલ, ચંપાબહેન પટેલ, ધવલભાઇ વ્યાસ, નીરજભાઇ શાહ તેમ જ ફારૂકભાઇ ઘાંચી.

**ઉત્સવ તણું ટાણું સુખે ત્યારે હજો,**
**સૌંદર્યનું ગાણું મુખે મારે હજો.**

**– મકરન્દ દવે**

આ ચાળીસી ઉત્સવનો શીખર શો કાર્યક્રમ આવતી સાલ યોજવાનું વિચારાયું છે. એ આખા દિવસના અવસરમાં આ ચાળીસીનું સરવૈયું થશે. કવિતા, વાર્તા, નવલકથા, નિબંધ, પ્રવાસવર્ણન, ચિંતન, પ્રકીર્ણ, નાટક, સંગીત, ભાષાશિક્ષણ, પત્રકારત્વ જેવા જેવા ગુજરાતી વિલાયતી ડાયસ્પોરિક આલમને અડતાનડતા વિષય પર આલોચનાઓ થશે, ચર્ચાવિચારણા થશે. વળી, ગુજરાતી સાહિત્ય અકાદમીએ નક્કી કરેલાં ચારપાંચ પ્રકાશનોનું પણ લોકાર્પણ કરવામાં આવશે.

હૅરો, 13 માર્ચ 2017

**– વિપુલ કલ્યાણી**